# કેટલું સારું
# તમારું બાળક જોઈ શકે છે?

**પ્રિય જૂનિઅર કિંડરગાર્ટન પેઅરન્ટ,**

તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તમારા જૂનિયર કિન્ડરગાર્ટન વિદ્યાર્થીની આંખનું વ્યાપક નેત્ર પરીક્ષણ Eye See...Eye Learn® પ્રોગ્રામ દ્વારા કરાવો – **જે એક નિઃશુલ્ક બાલ્યાવસ્થા આરોગ્ય જાગરૂકતા કાર્યક્રમ છે.**

જો તમારા બાળકનો જન્મ 2013માં થયો હોય તો તે ડૉક્ટર ઑફ ઑપ્ટોમેટ્રિ (Doctor of Optometry)માં સહભાગી થઈને વ્યાપક નેત્ર પરીક્ષણ માટે લાયક ઠરે છે. આંખની તપાસનો ખર્ચો તમારા બાળકનું હેલ્થ કાર્ડ આવરી લે છે. જો તમારા બાળકને આંખોના ચશ્માની સલાહ અપાય, તો તેઓ 1 જુલાઈ, 2017થી 30 જૂન, 2018 સુધીમાં ડૉક્ટર ઑફ ઑપ્ટોમેટ્રિમાં સહભાગી બનીને Eye See...Eye Learn® કાર્યક્રમ દ્વારા એક મફત ચશ્મા માટે લાયક ઠરશે.

**હકીકત:** દર 4માંથી 1 બાળકને આંખે જોવામાં તકલીફ પડતી હોય છે પરંતુ શાળામાં જતાં પહેલાં મોટાભાગે બાળકોની આંખોનું પરીક્ષણ કરવામાં આવતું નથી હોતું. જે બાળકોની દૃષ્ટિ નબળી હોય છે તેમને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુશ્કેલી ઊભી થઈ જાય છે અને તેનું નિદાન ખોટું પણ થઈ શકે છે કે, તેમને શીખવા માટેની અથવા વર્તણૂંકની સમસ્યા છે.

**હકીકત:** નાનાં બાળકોને ખબર હોતી નથી કે સામાન્ય દૃષ્ટિ કેવી હોવી જોઈએ અને ક્યારેક જ તેઓ માતાપિતાને ફરિયાદ કરે છે. કેટલાક બાળકો સમસ્યાના કોઈ પણ ચિહ્નો બતાવતા જ નથી.

**હકીકત:** દૃષ્ટિની કેટલીક સમસ્યાઓ 7 વર્ષની ઉંમર પહેલાં પકડાય નહીં અને તેમનું સમાધાન લેવામાં આવે નહીં તો તે કાયમ માટે તમારા બાળકની દૃષ્ટિ ઓછી કરી દે છે.

**હકીકત:** દૃષ્ટિ ચકાસણી (સ્ક્રીનિંગ) એ કોઈ નેત્ર ચિકિત્સક દ્વારા કરાતું વ્યાપક નેત્ર પરીક્ષણ નથી હોતું અને તેમાં મોટાભાગે મહત્ત્વની આંખોની સમસ્યાઓ ચૂકી જવાતી હોય છે.

તમારા બાળકને ઉત્તમ દૃષ્ટિની જરૂરત હોય છે જેને લીધે તે સારી રીતે શીખી શકે અને ક્લાસરૂમમાં અને રમતગમતના મેદાનમાં સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે. સારી દૃષ્ટિ એ રમત-ગમતની પ્રવૃત્તિઓમાં પણ મહત્ત્વની હોય છે અને તેનાથી સામાજિકીકરણ અને સ્વાભિમાનની લાગણી સુધારવામાં પણ મદદ મળે છે.

**કાર્યક્રમ અથવા બાળકની દૃષ્ટિ માટે વધુ માહિતી મેળવવા જૂઓ**

www.EyeSeeEyeLearn.ca | ટોલ ફ્રી (855) 424-3735

ભાગ લેતા ઑપ્ટોમેટ્રિ ડૉક્ટરોની (Doctors of Optometry) યાદી પણ ઉપલબ્ધ છે

વધુ માહિતી માટે www.EyeSeeEyeLearn.ca ની મુલાકાત લો

આઈવેર (Eyewear) પાર્ટનર્સ: Nikon Lenswear® | OGI Eyewear

ઑન્ટારિયો સરકાર દ્વારા આંશિકપણે ભંડોળ યોગદાન